| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૧૨–૦૧–૨૦૨૩ | | |
| દાખલ તારીખ | : | ૧૨–૦૧–૨૦૨૩ | | |
| નિકાલ તારીખ | : | ૧૦–૦૩–૨૦૨૬ | | |
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૩ | ૦૧ | ૨૯ |

**ગણદેવીનાં મે. એડિશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.ગણદેવી.**

**ફોજદારી મુકદમા નંબર :: ૩૭/૨૦૨૩**

**આંક :: ૩૫**

**ફરિયાદી :–** **ધી સ્ટેટ**

**વિરૂધ્ધ**

**આરોપી :–** **ગૌતમભાઈ તેજાભાઈ માલી**
ઉ.આ.વ.– ૨૧,
રહે–બીલીમોરા ધકવાડ ગણદેવી રોડ,
સાંઈનાથ રેસીડન્સી મકાન નં.એ રો હાઉસ,
તા.ગણદેવી,જી.નવસારી.

ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી કે. એમ. પટેલ
આરોપી તરફે વિ.વ.શ્રી એન.કે.પટેલ

**ગુનો ::**ઈ.પી. કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા એમ. વી. એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪,(૩)૧૮૧ મુજબનો.

## :: ચુ કા દો ::

(૧).. ફરિયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૨/૧૧/૨૦૨૨ ના ક.૧૯:૫૦ વાગ્યે મોજે આંતલીયા શાંતીનગર ભારત ગેસ ગોડાઉનની સામે જાહેર રોડ ઉપર વગર લાઈસન્સે પોતાના

કબજાની યોધ્ધા ફોરવ્હીલ નં.જીજે–૨૧–વાય–૯૧૪૦ ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદીના પિતાજી સાઈકલ સવાર અમ્રતભાઈ મણીલાલ પટેલની સાઈકલને આગળના ભાગે ટકકર મારી સાઈકલ સાથે નીચે પાડી દઈ શરીરે ગંભીર ઈજાઓ પહોચાડી મોત નીપજાવી તેનુ યોધ્ધા કેમ્પર ફોર વ્હીલ લઈ ભાગી જઈ અકસ્માતનો ગુનો કરેલ.ઉપરોકત બનાવ બાબતે ફરીયાદી ભાવેશભાઈ અમ્રતભાઈ પટેલ બીલીમોરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પાર્ટ–એ ગુ.ર.નં.૧૧ ૮૨૨૦૦૬૨૨૧૩૪૬/૨૦૨૨ થી ગુનાં રજીસ્ટરે લઈ, આગળની તપાસ અર્થે, તપાસ કરનાર અમલદાર ને સોંપતા, તપાસ કરનાર અમલદારે આગળની તપાસ કરી, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો લઈ, તપાસનાં અંતે પુરતા પુરાવા જણાતા, આરોપી વિરુધ્ધ અત્રેની કોર્ટમાં ઈ.પી.કો. કોડની કલમ– ૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪,(૩)૧૮૧ મુજબનાં ગુનાં સબબ ચાર્જશીટ રજુ કરેલ છે.

**(૨)..** ચાર્જશીટ દાખલ થતાં, આરોપીને સમન્સ કરતા આરોપી ને સમન્સ બજી જતા, આરોપી હાજર થતાં, તેઓને પોલીસ તપાસનાં કાગળોની નકલ વિનાં મૂલ્યે આપવામાં આવ્યા બાદ, આંક– ૦૩ થી આરોપીનો જવાબ લેતાં, આરોપીએ પોતાની સામેનાં ગુનાંનો ઈન્કાર કરતાં, ફરિયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ.

**(૩)..** ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ કરેલ છે.

## :: મૌખિક પુરાવો ::

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૭ | ફરીયાદી ભાવેશભાઈ અમ્રતભાઈ પટેલની જુબાની |
| ૨ | ૦૯ | પંચસાહેદ મીનેષકુમાર જીતેન્દ્રભાઈ દેસાઈની જુબાની |
| ૩ | ૧૧ | પંચસાહેદ કરણ અરવિંદભાઈ શ્રીવાસ્તવની જુબાની |
| ૪ | ૧૩ | પંચસાહેદ જીતેન્દ્રભાઈ જીવણજીભાઈ કેવટની જુબાની |
| ૫ | ૧૬ | સાહેદ મિનેષકુમાર અમ્રતભાઈ પટેલની જુબાની |
| ૬ | ૧૮ | સાહેદ હાર્દીક અરવિંદભાઈ શ્રીવાસ્તવની જુબાની |
| ૭ | ૧૯ | સાહેદ કેતનકુમાર અમરતભાઈ પટેલની જુબાની |
| ૮ | ૨૮ | સાહેદ તેજસકુમાર અનીલભાઈ ગઢવીની જુબાની |

## :: દસ્તાવેજી પુરાવો ::

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૯ | ફરીયાદ |
| ૨ | ૧૦,૧૪ | પંચનામુ |
| ૩ | ૨૯ | મરણોતર પંચનામુ |
| ૪ | ૩૦ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૫ | ૩૧ | એકસીડન્ટ રીપોર્ટ |
| ૬ | ૩૨ | પી.એમ.રીપોર્ટ |

(૪).. ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ, આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ વિરૂધ્ધ ખોટું ચાર્જશીટ કરેલ છે તથા તેઓને બચાવના સાક્ષી તપાસવા નથી તેમજ સોગંદ ઉપર જુબાની પણ આપવી નથી. વધુમાં તેઓ નિર્દોષ છે અને તેમના પર ખોટો કેસ કરેલો છે તેવું જણાવેલ છે.

(૫).. ત્યારબાદ સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી કે. એમ. પટેલ તથા આરોપી તરફે વિ.વ.શ્રી એન.કે.પટેલની મૌખિક દલીલો સાંભળી.

(૬).. ઉપરોકત હકીકતે મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

1. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૧૨/૧૧/૨૦૨૨ ના ક.૧૯:૫૦ વાગ્યે મોજે આંતલીયા શાંતીનગર ભારત ગેસ ગોડાઉનની સામે જાહેર રોડ ઉપર વગર લાઈસન્સે પોતાના કબજાની ચોધ્ધા ફોરવ્હીલ નં .જીજે–૨૧–વાય–૯૧૪૦ ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદીના પિતાજી સાઈકલ સવાર અમ્રતભાઈ મણીલાલ પટેલની સાઈકલને આગળના ભાગે ટકકર મારી સાઈકલ સાથે નીચે પાડી દઈ શરીરે ગંભીર ઈજાઓ પહોચાડી મોત નીપજાવી તેનુ ચોધ્ધા કેમ્પર ફોર વ્હીલ લઈ ભાગી જઈ અકસ્માતનો ગુનો કરેલ , આરોપી વિરુધ્ધ અત્રેની કોર્ટમાં ઈ.પી.કો. કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪,(૩)૧૮૧ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે ?
2. શું હુકમ ?

(૭).. ઉપરોકત મુદ્દા અંગે મારા નિર્ણય નીચે જણાવેલા કારણોસર આ પ્રમાણે છે.

1. નકારમાં.
2. આખરી હુકમ મુજબ.

## –:: કા ર ણો ::–

**મુદ્દા નંબર – ૧ ::–**

(૮)..આ કામે ફરિયાદ પક્ષનો આક્ષેપ એવો છે કે, તા.૧૨/૧૧/૨૦૨૨ ના ક.૧૯:૫૦ વાગ્યે મોજે આંતલીયા શાંતીનગર ભારત ગેસ ગોડાઉનની સામે જાહેર રોડ ઉપર વગર લાઈસન્સે પોતાના કબજાની યોધ્ધા ફોરવ્હીલ નં.જીજે–૨૧–વાય–૯૧૪૦ ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદીના પિતાજી સાઈકલ સવાર અમ્રતભાઈ મણીલાલ પટેલની સાઈકલને આગળના ભાગે ટકકર મારી સાઈકલ સાથે નીચે પાડી દઈ શરીરે ગંભીર ઈજાઓ પહોચાડી મોત નીપજાવી તેનુ યોધ્ધા કેમ્પર ફોર વ્હીલ લઈ ભાગી જઈ અકસ્માતનો ગુનો કરેલ.

(૯).. આ કામે ફરિયાદ પક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદી ભાવેશભાઈ અમ્રતભાઈ પટેલને આંક–૦૭ થી તપાસેલા છે તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, હુ હુ ગ્રામપંચાયત વોટરવર્કસ તરીકે નોકરી કરુ છુ. હુ આંતલીયા મુકામે પરીવાર સાથે રહેતો આવેલ છુ અમો ત્રણ ભાઈએ છીએ. સૌથી મોટો વિનેશભાઈ ત્યારપછી કેતનભાઈ અને સૌથી નાનો હુ તથા મારા માતા પિતા સાથે રહેતલ આવેલ છુ. હુ બનાવના દિવસે રાખેતા મુજબ મારી નોકરી પર સવારના છ વાગે ગયેલો અને સાંજના સાત વાગે ઘરે આવેલો. ઘરે આવીને બેઠેલો હતો. એટલામાં મારા મોટા ભાઈ

કેતનભાઈનો ફોન આવેલો કે પપ્પાનો એકસીડન્ટ થયેલો છે જેથી હુ મારુ બાઈક લઈને એકસીડન્ટ વાળી જગ્યાએ ગયેલો. હુ જયારે એકસીડન્ટ વાળી જગ્યાએ પહોંચ્યો ત્યારે ત્યાં ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા. મારા પિતાજીની બોડી ત્યાં પડેલી હતી. નાકના અને કાનના ભાગે લોહી નીકળતુ હતુ. એમ્બ્યુલન્સ આવેલી હતી. બધા માણસો દ્વારા મારા પપ્પાને એમ્બ્યુલન્સમાં બોડી મુકેલી અને તે બોડી લઈને હુ મેગુંસી હોસ્પીટલ ગયેલો અને ડોકટરે સારવાર કરવા પહેલા જણાવેલ કે, તમારા પપ્પા મરણ ગયેલ છે. ત્યારબાદ મે મારા મોટા ભાઈને જણાવેલુ કે પપ્પા એકસીડન્ટ થયેલો છે તેવુ જણાવેલ છે અને મે મારા કુટું બીજનોને ફોન કરીને જાણ કરેલી. ગામના સરપંચને પણ જાણ કરેલી અને મારા મિત્રને પણ જાણ કરેલી કે, મારા પપ્પાને એકસીડન્ટ થયેલ છે. પાછળથી મને જાણવા મળેલુ કે મારા પિતાજીને અમ્રતભાઈ મણીલાલ પટેલનાઓને ફોર વ્હીલર ગાડી જીજે–૨૧–વાય–૯૧૪૦ ના ચાલકે મારા પિતાજીને એકસીડન્ટ કરીને નાશી ગયેલ તેવુ જાણવા મળેલુ. જેનુ નામ ગૌતમભાઈ તેજાભાઈ માલી છે. આ અકસ્માત ગૌતમભાઈ તેજાભાઈ માલીની ભુલના કારણે બનેલ. જેથી બીલીમોરા પોલીસ સ્ટે.માં ફરીયાદ આપેલી જે ફરીયાદ બતાવવામાં આવેલ છે તેમાં તેઓની સહી ઓળખી બતાવે છે જે ફરીયાદ આ કામે આંક–૮ થી રજુ કરેલ છે. જયારે આ કામના આરોપી ગૌતમભાઈ ને પકડીને લઈને પોલીસ સ્ટે. લાવ્યા ત્યારે તેનુ મેડીકલ ચેક અપ કરાવેલુ નથી અને તેની પાસે પોલીસવાળાઓએ લાયસન્સ પણ માંગેલ નથી. જે જગ્યાએ મારા પિતાજીનુ એકસીડન્ટ થયેલુ ત્યાં મારા પિતાજીની સાઈકલ પડેલ હતી જે હાલે પણ ત્યાં જ છે.

જયારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, આ એકસીડન્ટ થયો ત્યારે હુ મારા ઘરે હતો જેથી અમોએ આ બનાવ બનતા નજરોનજર જોયો નથી. એ વાત ખરી છે કે, આ એકસીડન્ટનો બનાવ જે વાહનથી થયો તે વાહનની સ્પીડ કેટલી હતી તે મને ખબર નથી. એ વાત ખરી છે કે, આ વાહનનો નંબર મને બીજા દ્વારા જાણવા મળેલો.

(૧૦).. આ કામે ફરીયાદપક્ષે પંચસાહેદ મીનેષકુમાર જીતેન્દ્રભાઈ દેસાઈને આંક–૦૯ થી તથા પંચસાહેદ કરણ અરવિંદભાઈ શ્રીવાસ્તવને આંક–૧૧ થી તેમજ પંચસાહેદ જીતેન્દ્રભાઈ જીવણજીભાઈ કેવટને આંક–૧૩ થી તપાસેલા છે તા.૧૩/૧૧/૨૨ ના રોજ ગુનાવાળી જગ્યા પાસે અમો બંને પંચો ચા પીને આવતા હતા ત્યારે મરણ જનાર કાકા અમ્રતભાઈ જેઓ સાઈકલ લઈને આવતા હતા. આ અકસ્માત અમોએ નજરે જોયેલ. આ સાઈકલ વાળા કાકાને અકસ્માત કરનાર ફોર વ્હીલ ચાલક પુરઝડપે ટર્ન મારેલ. આ ફોર વ્હીલ ગાડીવાળાથી અકસ્માતના કારણે અકસ્માત વાળી જગ્યા ઉપર કાકાને સજા થવાથી ગુનાવાળી જગ્યા ઉપર લોહી ડાઘા પડેલા હતા. સદર ગુનાવાળી જગ્યા ઉપર બીજા કોઈ નીશાન જણાવેલ નહી અને આ કામે પોલીસે અમોને પંચમાં રહેવાની સમજ કરતા સ્વખુશી બતાવેલ. ત્યારબાદ પંચનામુ અમોએ લખાવેલ. પંચનામામાં અમે ઉપરોકત અકસ્માત વીશે લખાવતા રોડ નવ ફંટનો આવેલ છે. તેમજ ત્યાં બાજુમાં ઈલેકટ્રીસીટીનુ ટ્રાન્સફર આવેલુ છે અને જગ્યા ઉપર લોહીના નીશાન છે. આ રોડ એક આંતલીયા તરફથી પણ આવતો અને એક કેસલી તરફથી પણ આવતો રોડ છે અને જી.આઈ.ડી.સી. નો પણ રોડ આવેલ છે. આ પંચનામુ અમો

પંચોએ જાતે લાવેલ હતુ જે વાંચી લખાવ્યા મુજબનુ હોઈ પંચોને અસલ પંચનામુ બતાવવામાં આવે છે તેમાં સહી ઓળખી બતાવેલ છે.

જયારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે પોલીસે સહી કરવા કહયુ એટલે સહી કરેલી એ વાત ખરી છે કે જેમાં મે સહી તે લખાણ તૈયાર હતુ. એ વાત ખરી છે કે, હુ બોલતો ગયો હોય અને પોલીસ લખતી ગઈ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે મારા રૂબરૂમાં પંચનામાની કોઈ કાર્યવાહી થયેલી નથી.

**(૧૧)..** આ કામે ફરિયાદ પક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે મિનેષકુમાર અમ્રતભાઈ પટેલને આંક–૧૬ થી તપાસેલા છે તેઓ હુ ખાનગી નોકરી કરુ છુ. અકસ્માતવાળો બનાવ તા.૧૨/૧૧/૨૦૨૨ ના રોજબ નેલ. બનાવના દીવસે હુ નોકરી પરથી પરત ઘરે પાછો ફરતો હતો ત્યારે મારા ભાઈ ભાવેશ મને ફોન કરી જણાવેલ કે, પિતાજી અમ્રતભાઈનાઓનુ આંતલીયા પાસે અકસ્માત થયેલ છે જેથી મારા પિતાજીને સારવાર માટે મેગુંશી હોસ્પીટલમાં લઈ ગયેલ હોય જેથી હુ ત્યાં ગયેલ પિતાજીને ઈજા થયેલી હતી અને તેમને મૃત જાહેર કરેલ. મારા પિતાજીને એક ટાટા કંપનીની ફોરવ્હીલ વાહનને અડફેટમાં લઈ ઈજા પહોંચ્ડાયા હોવાનુ જાણેલ. મે ચાલકને પો.સ્ટે.માં જોયેલ. આરોપીને કદાચ હુ જોયેથી ઓળખી શકુ વાહનનો નંબર હાલે મને યાદ નથી.અકસ્માત કરનાર વાહનનો નંબર મારા ભાઈ એ પોલીસ સ્ટે.માં લખાવેલ. બનાવ અંગે મારો જવાબ લીધેલ.

જયારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે અકસ્માત કોણે કરેલ તે મને ખબર નથી.

(૧૨).... આ કામે ફરીયાદપક્ષે સાહેદ હાર્દીક અરવિંદભાઈ શ્રીવાસ્તવ ને આંક–૧૮ થી તપાસતા સોંગદ ઉપર જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા. ૧૨.૧૧.૨૦૨૨ ના રોજ સાંજે સાડા સાતેક વાગે સાંજના સમયે મોજે આંતલીયા શાંતિનગર ભારતગેસ ગોડાઉનની સામે જાહેર રસ્તા પર બનેલ.બનાવ અંગે મારા મીત્ર કેતનભાઈનાઓએ મને ફોન કરી જણાવેલ કે, રાત્રે સાતેક વાગે મારા પિતાજી અમરત મણીલાલનાઓ સાયકલ લઈ મને ટીફીન આપવા માટે આવેલા.ત્યાંથી પરત ઘરે જવા માટે નીકળેલા અને સાંજના પોણા આઠેક વાગે આંતલીયા શાંતિનગર ભારતગેસ ગોડાઉનની સામે જાહેર રસ્તા પર અકસ્માત થયેલ છે અને એક અજાણ્યા વાહનચાલકથી અકસ્માત થયેલ છે જેથી ૧૦૮ એમ્બયુલન્સ બોલાવી કેતનભાઈ ના પિતાજીને બીલીમોરા મેગુશી હોસ્પીટલ લઈ ગયેલ ત્યાં આગળ કેતનભાઈ ના પિતાજી મરણ પામેલ.બનાવ અંગે પોલીસે મારો જવાબ લીધેલ.

આમ, ફરિયાદી પોતે બનાવ હકીકત મુજબ પુરાવો આપતા ન હોય, તેઓને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી વિગતવાર ઉલટ તપાસ કરેલ છે, પરંતુ બનાવની હકીકતનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલો છે અને આરોપીને ગુનાં સાથે સાંકળી શકાય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી.

જયારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે, બનાવ વિહે કને કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી છેકે, મારે આરોપી સાથે સમાધાન થયેલ છે હવે મારે કેસ આગળ ચલાવવો

નથી.

**(૧૩)**......આ કામે ફરીયાદપક્ષે સાહેદ કેતનકુમાર અમરતભાઈ પટેલને આંક–૧૯ થી તપાસતા સોંગદ ઉપર જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ તા. ૧૨.૧૧.૨૦૨૨ ના રોજ સાંજે સાડા સાતેક વાગે સાંજના સમયે મોજે આંતલીયા શાંતિનગર ભારતગેસ ગોડાઉનની સામે જાહેર રસ્તા પર બનેલ.બનાવ ના એક વર્ષ પહેલા હુ આંતલીયા જીઆઈડીસીમાં ઈંડાની લારી ચલાવતો હતો બનાવના દીવસે હુ લારી પર ગયેલ અને રાત્રે સાતેક વાગે મારા પિતાજી અમરત મણીલાલનાઓ સાયકલ લઈ મને ટીફીન આપવા માટે આવેલા.ત્યાંથી પરત ઘરે જવા માટે નીકળેલા અને સાંજે આઠેક વાગે આંતલીયા ખાતે રહેતા અજય અનીલસીહ રાજપુતનાઓ મારી લારી પર આવેલા અને મને જણાવેલ કે,તમારા પિતાજીને સાંજના પોણા આઠેક વાગે આં તલીયા શાંતિનગર ભારતગેસ ગોડાઉનની સામે જાહેર રસ્તા પર અકસ્માત થયેલ છે અને એક અજાણ્યા વાહનચાલકથી અકસ્માત થયેલ છે જેથી હુ બનાવવાળી જગ્યા પર ગયેલ અને ત્યાં આગળ મારો ભાઈ ભાવેશ પણ આવી ગયેલ ત્યારબાદ ૧૦૮ એમ્બયુલન્સ બોલાવી મારા િ પ્તાજી ને બીલીમોરા મેગુશી હોસ્પીટલ લઈ ગયેલ ત્યાં આગળ પિતાજી મરણ પામેલ.બનાવ અંગે પોલીસે મારો જવાબ લીધેલ.

આમ, ફરિયાદી પોતે બનાવ હકીકત મુજબ પુરાવો આપતા ન હોય, તેઓને વિ.એ.પી.પી.શ્રીએ ફરી ગયેલા જાહેર કરી વિગતવાર ઉલટ તપાસ કરેલ છે, પરંતુ બનાવની હકીકતનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલો છે અને આરોપીને ગુનાં સાથે સાંકળી શકાય તેવી કોઈ જ હકીકત જણાવેલ નથી.

જયારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે બનાવ વિશે મને કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે મારે આરોપી સાથે સમાધાન થયેલ છે હવે મારે કેસ આગળ ચલાવવો નથી.

**(૧૪)**......આ કામે ફરીયાદપક્ષે ત.ક.અ. તેજસકુમાર અનીલભાઈ ગઢવીને આંક–૨૮ થી તપાસતા સોંગદ ઉપર જુબાનીમાં જણાવેલ છે કે, હાલ હુ નવસારી એલઆઈબી શાખામાં પોલીસ ઈન્સ. તરીકે ફરજ બજાવુ છુ.સને–૨૦૨૨ માં હું બીલીમોરા પો.સ્ટે. ખાતે પી.આઈ.ની ફરજ બજાવતા હતા તે દરમ્યાન પીએસઓ તરફથી મને આ ગુનાની તપાસ સોપવામાં આવેલ.તપાસ સંભાળ્યાબાદ મે સૌ પ્રથમ આ ગુનાની તપાસના કામે બનાવવાળી જગ્યાએ જઈ બનાવવાળી જગ્યાનુ પંચનામુ વિગેરે જરૂરી કાર્યવાહી કરી ત્યારબાદ અન્ય પરીક્ષણો માટે એફએસએલ,આરટીઓ તેમજ પીએમ નોટ વિગેરેની જરૂરી કાર્યવાહી માટે જાણ કરી અને યોગ્ય કાર્યવાહી કરાવેલ.તેમજ જરૂરી લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ તેમજ આરોપી અટક વિગેરે કાર્યવાહી પુરી કરી આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા પડતા આરોપી વિરૂધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.આરોપી ને જોયેથી ઓળખુ છુ.જે નામદાર કોર્ટમાં હાજર નથી.

જયારે બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે, ગુનાવાળી જગ્યા વાહનોનો અવર જવર વાળો વિસ્તાર છે. એ વાત ખરી નથી કે, પંચનામા અમો અમારી રીતે લખાવી દીધેલ. એ વાત ખરી નથી કે આરોપી વિરૂધ્ધ પુરતો પુરવો ન હોવા છતા ખોટી

ચાર્જશીટ કરેલ છે.

(૧૫).. ફોજદારી કાર્યવાહીમાં ન્યાયીક નિર્ણય કરતી વખતે એ ધ્યાનમાં રાખવુ ખાસ જરૂરી છે કે, ફોજદારી કાર્યવાહીમાં ફરિયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો રહે છે.

**S–139. Number of witness: -**

No particular number of witnesses shall in any case be required for the proof of any fact.

તે સિધ્ધાંત મુજબ કોઈ પણ કેસ સાબીત કરવા માટે કોઈ નિશ્ચીત સંખ્યામાં સાહેદો તપાસવા જરૂરી નથી. ફકત બનાવને સમર્થન કરતા એક જ સાહેદની જુબાની ઉપરથી બનાવ સાબીત ગણી શકાય પરંતુ જયારે એક સાહેદની જુબાની ઉપરથી બનાવ સાબીત ગણવો હોય તો તે સાહેદની જુબાની એટલી સુદૃઢ હોવી જોઈએ કે જેથી તેના ઉપર આધાર રાખી આરોપીને ગુનેગાર ઠરાવી શકાય.એક માત્ર સાહેદના પુરાવા ઉપર આધાર રાખી આરોપીને સજા થઈ શકે તે માટે આવા સાહેદની વિશ્વસનીયતા કોઈ પણ પ્રતિ સંજોગોથી શંકાસ્પદ હોવી જોઈએ નહી. પુરાવાની ગુણવત્તા મહત્વની છે નહી કે તેનો જથ્થો. પરંતુ હાલના કેસમાં આરોપીને ફોજદારી કાર્યવાહીમાં ન્યાયી નીર્ણય કરતી વખતે એ ધ્યાનમાં રાખવું ખાસ જરૂરી છે કે, ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકાથી પર સાબીત કરવાનો રહે છે.

In accordance to **sec 2(I)(B) of evidence act**,**2(I)(J) "Proved". — A fact is said to be proved when,**

**after considering the matters before it, the Court either believes it to exist, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists. 2(1)(C) "Disproved". — A fact is said to be disproved when, after considering the matters before it, the Court either believes that it does not exist, or considers its non-existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it does not exist. 2(1)(I) "Not proved". — A fact is said not to be proved when it is neither proved nor disproved.**

બચાવ પક્ષે ઉઠાવેલ તકરારોના અનુસંધાને અત્રે વ્યાજબી શંકા એટલે શું તથા અદાલતી ફરજ શું છે તે અંગે નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલા કેટલાક સિધ્ધાંતોની ચર્ચા કરવી જરૂરી લાગે છે.

**PRINCIPLE OF BENEFIT OF REASONABLE DOUBT**

**1.** AIR 1973 SC 2622 (V 60 C 472) Shivaji Sahebrao Bobade and another, v. State of Maharashtra,

Para 6. Even at this stage we may remind ourselves of a necessary social perspective in criminal cases **which suffers from insufficient forensic appreciation**. The dangers of exaggerated devotion to the rule of benefit of doubt at the expense of social defence and to the soothing sentiment that all acquittals are always good regardless of justice to the victim and the community,

demand especial emphasis in the contemporary context of escalating crime and escape. The judicial instrument has a public accountability. The Cherished principles or golden thread of proof beyond reasonable doubt, which runs too: the web of our law should not be stretched morbidly to embrace every hunch, hesitancy and degree of doubt. **The excessive solicitude reflected in the attitude that a thousand guilty men may go but one innocent martyr shall not suffer is a false dilemma.**

Para 6. **Only reasonable doubts belong to the accused. Otherwise any practical system of justice will then break down and lose credibility with the community**.

**2.** **<u>AIR 1994 SC 1418 = 1994 AIR SCW 844</u>** State of W.B., Appellant v. Orilal Jaiswal and another,

**Para 14.** We are not oblivious that in a criminal trial the degree of proof is stricter than what is required in a civil proceedings. In a criminal trial however intriguing may be facts and circumstances of the case, the charges made against the accused must be proved beyond all reasonable doubts and the requirement of proof cannot lie in the realm of surmises and conjectures. The requirement of proof beyond reasonable doubt does not stand altered even after the introduction of S. 498A, I.P.C and S. 113A of Indian Evidence Act. Although, the court's conscience must be satisfied that the accused is not held guilty when there are reasonable doubts about the complicity of the accused in respect of the offences alleged, it should be borne in mind that there is

no absolute standard for proof in a criminal trial and the question whether the charges made against the accused have been proved beyond all reasonable doubts must depend upon the facts and circumstances of the case and the quality of the evidences adduced in the case and the materials placed on record. **Lord Denning in Bater v. Bater, (1950) 2 All ER 458 at p. 459 has observed that the doubt must be of a reasonable man and the standard adopted must be a standard adopted by a reasonable and just man for coming to a conclusion considering the particular subject matter.**

**Para 15**. In Gurbachan Singh v. Satpal Singh, AIR 1990 SC 209, Mr. Justice Sabyasachi Mukharji (as he then was) has very rightly indicated **that the conscience of the court can never be bound by any rule but that is coming itself dictates the consciousness and prudent exercise of the judgment.** Reasonable doubt is simply that degree of doubt which would permit a reasonable and just man to come to a conclusion. Reasonableness of the doubt must be commensurate with the nature of the offence to be investigated. **Exaggerated devotion to the rule of benefit of doubt must not nurture fanciful doubts or lingering suspicions and thereby destroy social defence. Justice cannot be made sterile on the plea that it is better to let hundred guilty escape than punish an innocent. Letting guilty escape is not doing justice, according to law.**

**Duty of Court**

AIR 1988 SUPREME COURT 1998 (From : 1980 All

Cri R 232), State of U.P., v/s. Anil Singh.

**Para 14.** In Abdul Gani v. State of Madhya Pradesh, AIR 1954 SC 31 Mahajan, J., speaking for this Court deprecated the tendency of courts to take an easy course of holding the evidence discrepant and discarding the whole case as untrue**. The learned Judge said that the Court should make an effort to disengage the truth from falsehood and to sift the grain from the chaff.**

**Para 15.** It is also our experience that invariably the witnesses add embroidery to prosecution story, perhaps for the fear of being disbelieved. But that is no ground to throw the case overboard, if true, in the main. If there is a ring of truth in the main, the case should not be rejected. It is the duty of the court to cull out the nuggets of truth from the evidence unless there is reason to believe that the inconsistencies or falsehood are so glaring as utterly to destroy confidence in the witnesses **It is necessary to remember that a Judge does not preside over a criminal trial merely to see that no innocent man is punished. A Judge also presides to see that a guilty man does not escape. One is as important as the other both are public duties, which the Judge has to perform.**

નામદાર સુપ્રિમ કોર્ટે તેના વિવિધ ચુકાદામાં પ્રસ્થાપીત કરેલા ઉપરોકત સીધ્ધાંતો ને ધ્યાનમાં રાખી અદાલત સમક્ષ પડેલ હકીકતને કાયદા સાથે સંયોજતા આ કેસમાં ફરીયાદીની તથા અન્ય સાહેદોના પુરાવામાં આવેલ શંકાઓ વ્યાજબી જણાય છે.

(૧૬).. આમ, સદર કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં આ કામે રજુ થયેલ ફરીયાદીએ જે તેમની ફરીયાદથી વિસંગત હકીકતો તેમની જુબાની–ઉલટ તપાસ દરમ્યાન દર્શાવેલ છે તેમજ તેમની ઉલટતપાસ જોતાં એક Concurrent chain હકીકતોને સાંકળતી કડી કોન્સીસટેન્ટ પુરવાર થતી નથી. ભારતીય પુરાવા અધિનિયમ કલમ–૩ ની વ્યાખ્યા મુજબ ડીસએપ્રુવ અને નોટપ્રુવમાં પડે છે.

In accordance to **sec 3 of of Indian Avidence act, "Proved" .— A fact is said to be proved when, after considering the matters before it, the Court either believes it to exist, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists. 2(1)(c) "Disproved". — A fact is said to be disproved when, after considering the matters before it, the Court either believes that it does not exist, or considers its non-existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it does not exist. 2(1)(I) "Not proved". — A fact is said not to be proved when it is neither proved nor disproved.**

જેથી ફરીયાદ અને ફરીયાદીનો પુરાવો ફરીયાદની હકીકતમાં અને મૌખિક પુરાવો એક Reasonable doubt beyond Probability & Pre–pondranceP રીઝુનેબલ ડાઉટ ઉભો કરે છે. આમ,પ્રોસીકયુશન તરફે ફરીયાદ હકીકત અને જુબાનીના પુરાવાનું મુલ્યાં કન કરવામાં આવે તો તે જે વિસંગતતા કે શંકા ઉભી છે તેનો પ્રબળ લાભ

આરોપી ને મળે અને તે સમગ્ર પુરાવાનું મુલ્યાંકન જોતાં ફરીયાદપક્ષની તમામ હકીકતો પ્રોસીકયુશન શંકાથી પર સાબિત કરી શકેલા નથી. ફરીયાદી અને સાહેદની સારવાર કરનાર ડોકટરને તપાસેલા નથી. આરોપીપક્ષની સંમતિથી ગુનાવાળી જગ્યાનું પંચનામું આંકે પાડેલા છે જેથી શંકાનો લાભ આરોપીને મળે છે.તેમજ આંક–૨૯ થી મરણોતર પંચનામુ તેમજ આંક–૩૦ થી સ્થળ પરિક્ષણ અહેવાલ તેમજ આંક–૩૧ થી એકસીડનટ રીપોર્ટ તેમજ આંક–૩૨ થી પી.એમ. રીપોર્ટ સદર કામે રજુ વંચાણે લેવામાં આવેલ છે અને આંક આપવામાં આવે તો વાંધો નથી તેવા સેરા સાથે રજુ રાખેલ છે. આથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨ મુજબ નાસાબિત થયેલી હકીકતો એ પ્રોસીકયુશનની નિષ્ફળતા છે અને આવી નિષ્ફળતાઓને કોઈપણ આરોપીને સજા કે દંડ કરી શકાય નહીં વાસ્તે આ તમામ શંકાનો લાભ આરોપીને આપવો એ ક્રિમિનલ જયુરીસ્પ્રુડન્સનો મુળભુત સિઘ્ધાંત છે. આ સંજોગોમાં રજુ પુરાવો ઘ્યાને લેતાં, તા.૧૨/૧૧/૨૦૨૨ ના ક.૧૯:૫૦ વાગ્યે મોજે આંતલીયા શાંતીનગર ભારત ગેસ ગોડાઉન ની સામે જાહેર રોડ ઉપર વગર લાઈસન્સે પોતાના કબજાની ચોઘ્ધા ફોરવ્હીલ નં.જીજે–૨૧–વાય–૯૧૪૦ ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદીના પિતાજી સાઈકલ સવાર અમ્રતભાઈ મણીલાલ પટેલની સાઈકલને આગળના ભાગે ટકકર મારી સાઈકલ સાથે નીચે પાડી દઈ શરીરે ગંભીર ઈજાઓ પહોચાડી મોત નીપજાવી તેનુ ચોઘ્ધા કેમ્પર ફોર વ્હીલ લઈ ભાગી જઈ અકસ્માતનો ગુનો કરેલ હોય તેવું સ્પષ્ટપણે જણાઈ આવતું નથી. બનાવ સમયે અકસ્માતવાળી ચોઘ્ધા કેમ્પર ફોરવ્હીલ હાલના આરોપી

બેફામપણે, પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા હોવાના કારણે અકસ્માત થયેલો કે કેમ તે મહત્વનો પ્રશ્ન છે. અકસ્માત થવા માત્રથી આરોપીની બેદરકારી પુરવાર થઈ જતી નથી. ફરિયાદ પક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે. ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ હાલના ફરીયાદી તેમની ઉલટતપાસમાં જણાવે છે કે એ વાત ખરી છે કે આ એકસીડન્ટ ગયો ત્યારે હુ મારા ઘરે હતો જેથી અમોએ આ બનાવ બનતા નજરેનજર જોયો નથી આ એકસીડન્ટનો બનાવ જે વાહનથી થયો થે વાહનની સ્પીડ કેટલી હતી તે મને ખબર નથી. એ વાત ખરી છે આ વાહનનો નંબર મને બીજા દ્વારા જાણવા મળેલો તથા તમામ સાહેદોએ તેમની બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં જણાવેલ છે કે,એ વાત ખરી છે કે બનાવ કે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે અકસ્માત કોણે કરેલ તે ખબર નથી. આમ,ફરીયાદપક્ષે તપાસવામાં આવેલા ફરીયાદી તથા તમામ સાહેદોએ તેમના પુરાવામાં આરોપી બનાવ સમયે આરોપી અકસ્માતવાળું વાહન ચલાવતા હોવાની કે તેમની ગફલત અને બેદરકારીભર્યુ વાહન ચલાવવાના કારણે અકસ્માત થયેલો તેવી કોઈ જ હકીકત જણાવતા નથી.

(૧૭).. મોટર એકસીડન્ટના કેસમાં ગફલતભર્યુ અને બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ કરવા બદલ દોષિત ઠરાવવા માટેના જે ધોરણો છે તેમા સૌ પ્રથમ ફરીયાદ પક્ષે એમ પુરવાર કરવું જોઈએ કે આરોપી બનાવ સમયે અકસ્માત વાહનનું ડ્રાઈવીંગ કરતો હતો તથા સદર ડ્રાઈવીંગ બેદરકારીભર્યુ કે ગફલતભર્યુ કરતો હતો. શંકાના આધાર પર ફોજદારી કે ક્રિમીનલ કેસોમાં બેદરકારીભર્યુ ડ્રાઈવીંગની બાબતના

પુરાવાનાં અભાવે આરોપીને ગફલતભર્યુ કે બેદરકારીભર્યુ ડ્રાઈવીંગ બદલ દોષિત ઠરાવી શકાય નહી. ઈ.પી.કો. કલમ–૨૭૯ ના ગુનાના અનુસંધાને નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ

સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો નામદાર સુપ્રિમ કોર્ટ તરફથી **(2009) 7 SCC 353 (Braham Dass Vs. State of Himachal Pradesh**) GF R]SFNFDF\ 9ZFJ[, K[ S[PP

> *8.Section 279 deals with rash driving or riding on a public way. A bare reading of the provision makes* ***it clear that it must be established that the accused was driving any vehicle on a public way*** *in a manner which endangered human life or was likely to cause hurt or injury to any other person. Obviously thefoundation in accusations under Section 279 IPC is not (sic) negligence.* ***Therefore, for bringing in application of either Section 279 it must be established that there was an element of rashness or negligence.*** *Even if the prosecution version is accepted* in toto, there was no evidence led to show that any negligence was involved.

વધુમાં નામદાર ઓરિસ્સા વડી અદાલતે ''બદ્રીપ્રસાદ તિવારી વિરૂધ્ધ સ્ટેટ'' ૧૯૯૪ ક્રિ. લો.જ. પેજ નં.૩૮૯ માં એમ ઠરાવેલ છે કે,

> (A) Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness or error of judgment, not sufficient - Accident resulting in death, failure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that

vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal. વધુમાં તે ચૂકાદાના પેરા. ૫ માં એમ ઠરાવેલ છે કે ''Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment. The essential ingredients of Section 279 are:

(i) Rash and negligent driving or riding on a public way.

(ii) The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person.

(૧૮).. ઉપરોકત ચુકાદામાં ના. વડી અદાલત તરફથી પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ ફરીયાદ પક્ષે રજુ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદ પક્ષ તરફથી રજુ થયેલ આંક–૧૦,૧૪ થી પંચનામું, તેમજ રજુ મૌખિક પુરાવો લક્ષમાં લેતા, તા.૧૨/૧૧/૨૦૨૨ ના ક.૧૯:૫૦ વાગ્યે મોજે આંતલીયા શાંતીનગર ભારત ગેસ ગોડાઉનની સામે જાહેર રોડ ઉપર વગર લાઈસન્સે પોતાના કબજાની યોધ્ધા ફોરવ્હીલ નં.જીજે–૨૧–વાય–૯૧૪૦ ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ફરીયાદીના પિતાજી સાઈકલ સવાર અમ્રતભાઈ મણીલાલ પટેલની સાઈકલને આગળના ભાગે ટકકર

મારી સાઈકલ સાથે નીચે પાડી દઈ શરીરે ગંભીર ઈજાઓ પહોચાડી મોત નીપજાવી તેનુ ચોધ્ધા કેમ્પર ફોર વ્હીલ લઈ ભાગી જઈ અકસ્માતનો ગુનો કરેલ હોય તેવું સ્પષ્ટપણે જણાઈ આવતું નથી. બનાવ સમયે અકસ્માતવાળી ચોધ્ધા કેમ્પર ફોરવ્હીલને હાલના આરોપી બેફામપણે પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા હોવાના કારણે અકસ્માત થયેલો કે કેમ તે મહત્વનો પ્રશ્ન છે. અકસ્માત થવા માત્રથી આરોપીની બેદરકારી પુરવાર થઈ જતી નથી. ફરિયાદ પક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે. ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ હાલના ફરીયાદી તેમજ અન્ય સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે વધુમાં ફરીયાદીએ તેમની બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ નજરો નજર જોયેલ નથી.બનાવ સમયે તેઓ ઘરે હતા. તેમજ સદર કામના પંચસાહેદો પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. તેમજ આંક- ૧૮ અને આંક-૧૯ ના સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે તેમની જુબાનીથી પણફરીયાદીની ફરીયાદને સમર્થન મળતુ ના હોય તેમજ તેમની ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલ છે કે આ બનાવ નજરો નજર જોયેલ નથી. બનાવ વિશે કોઈ જાત માહીતી નથી.આમ, ફરીયાદપક્ષે તપાસવામાં આવેલા ફરીયાદી તથા સાહેદો તથા ત.ક.અ. તેમના પુરાવામાં આરોપી બનાવ સમયે આરોપી અકસ્માતવાળું વાહન ચલાવતા હોવાની કે તેમની ગફલત અને બેદરકારીભર્યુ વાહન ચલાવવાના કારણે અકસ્માત થયેલો તેવી કોઈ જ હકીકત જણાવતા નથી.

(૧૯).. આમ, ફરિયાદપક્ષે સમગ્ર પુરાવો એકીસાથે વંચાણે લેતાં,

બનાવ સમયે આરોપી પોતાનાં હવાલાવાળુ વાહન ફોરવ્હીલ પુરઝડપે, બેફીકરાઈથી અને ગફલતભરી રીતે મનુષ્યની જીંદગી જોખમાય તે રીતે ચલાવતા હોવાની કે તેના કારણે અકસ્માત થયેલો હોવાની કે આ કામનાં ફરીયાદીના પિતાજી અમ્રતભાઈ મણીલાલ પટેલ ની સાઈકલને આગળના ભાગે ટકકર મારી નીચે પાડી દઈ શરીરે ગં ભીર ઈજા પહોચાડી મોત નીપજાવેલ હોય તેવું નિ:શંકપણે પુરવાર કરવામાં ફરિયાદપક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ હોયતે સંજોગોમાં ઈજા પામનારની ઈજા અંગે હાલનાં આરોપી જવાબદાર હોવાનું રજુ પુરાવાથી પુરવાર થતું ન હોય, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩ મુજબ નાસાબીત થતા મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.ર પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

## –:: હુકમ ::–

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૫(૧) અન્વયે, ઈ.પી. કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૦૪(અ) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪,(૩)૧૮૧ મુજબનાં ગુનામાંથી શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

આ કામે આરોપીના અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**( ધર્મેશ પ્રવિણચંદ્ર ઓઝા )**

ગણદેવી. એડિશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,

તા. ૧૦/૦૩/૨૦૨૬. ગણદેવી. – જીજે ૦૧૧૧૦